Plot----Bunglow-----Flat
THE PROPZONEGANDHINAGAR
Buy-----sell-----Rent
A property consultant in
Gandhinagar
Office : A/224, Swagatrainforest~2
Kuda san.Gandhinagar
Mobile : 9033810109

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક
now on Internet www.janfariyad.com
अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-21 ■ અંક-47 ■ તા. 19-11-2017 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### પ્રદિપસિંહ જાડેજા વટવામાંથી વિધાનસભા ચૂંટણી મેદાનમાં ઉતરશે

# ગુજરાત ચૂંટણી : ભારે ઉત્સુકતાની વચ્ચે ભાજપની બીજી યાદી જાહેર

## બીજી યાદી જાહેર કરવામાં આવ્યા બાદ અનેક જગ્યાઓએ ઉજવણી કરાઈ નરોડાથી બલરામ ખુબચંદને ટિકિટ મળી છે : ૩૬ ઉમેદવારોની યાદી જાહેર

નવી દિલ્હી-અમદાવાદ,તા. ૧૮

ભાજપે આજે ગુજરાત વિધાનસભા ચુંટણી માટે પોતાના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી હતી. બીજી યાદી જાહેર કરવામાં આવ્યા બાદ અનેક જગ્યાઓએ ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. ધારણા પ્રમાણે જ જમાલપુર-ખાડિયામાંથી ભુષણ ભટ્ટ ને ટિકિટ આપવામાં આવી છે. જયારે નિકોલમાંથી જગદીશભાઈ પંચાલને ટિકિટ આપવામાં આવી છે. આવીજ રીતે વટવામાંથી પ્રદિપસિંહ જાડેજાને ટિકિટ આપવામાં આવી છે. આ ઉપરાંત સુરત પૂર્વમાંથી અરવિંદભાઈ શાંન્તીલાલ રાણાને ટિકિટ આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપે ૧૭મી નવેમ્બરના દિવસે ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની પ્રથમ યાદી જારી કરી દીધી હતી. એમ માનવામાં આવી રહ્યું હતું કે બીજી યાદી જાહેર કરવામાં એક-બે દિવસનો સમય લાગી જશે પરંતુ ભાજપે તમામને ચોંકાવીને આજે બીજી યાદી પણ જાહેર કરી હતી. ભાજપે આજે ૩૬ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી હતી. આ યાદીમાં નિકોલમાંથી જગદીશભાઈ પંચાલને ટિકીટ આપવાની જાહેરાત કરી છે. નરોડામાંથી બલરામ ખુબચંદ થાવાણીને ટિકિટ આપવામાં આવી છે. જમાલપુર ખાડિયામાંથી ભુષણ ભટ્ટને ટિકિટ આપવામાં આવી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના નેતૃત્વમાં કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવ્યા બાદ અને યાદીમાં ગંભીરતાપૂર્વક ધ્યાન આપવામાં આવ્યા બાદ મહત્વપૂર્ણ નિર્ણય કરાયો હતો. યાદીમાં ભાજપે તમામ સમુદાયને પુરતી તક આપવાના પ્રયાસ કર્યા છે. આ યાદીમાં જાતિગત સમીકરણો પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે.ભાજપે પોતાની પ્રથમ યાદીમાં પણ તમામ સમુદાયને આવરી લીધા હતા.બીજી યાદીમાં પણ આ બાબતને ધ્યાનમાં લેવામાં આવી છે. પ્રથમ યાદીમાં ઉમેદવારો કયા સમુદાયના કેટલા છે તેના ઉપર ધ્યાન આપવામાં આવે તો પાટીદારોની સૌથી વધુ હતા. બીજી યાદીને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. જો કે, ભાજપે હજુ સુધી પાટીદાર બહુમતિવાળા વિસ્તારોમાં હજુ પોતાના પત્તા સંપૂર્ણ પણે ખોલ્યા નથી. એમ માનવામાં આવે છે કે, ભાજપ આ વિસ્તારોમાં કોંગ્રેસના નિર્ણયનો ઈંતજાર કરશે. ભાજપને આશા છે કે, ટિકિટની ફાળવણીને લઈને જો કોંગ્રેસમાં અસંતોષની સ્થિતિ ઉભી થશે તો આનો ફાયદો થઇ શકશે. ભાજપે શુક્રવારે ૭૦ ઉમેદવારોની જે યાદી જાહેર કરી હતી તેમાં ચાર મહિલાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. અત્રે નોધનીય છે કે જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ ૨૫મી ઓક્ટોબરના દિવસો જાહેર કરવામાં આવ્યો હતો. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા અટકળોનો અંત આવ્યો હતો. ગુજરાતમાં બે તબક્કામાં ૯મી અને ૧૪મી ડિસેમ્બરના દિવસો ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કામાં ૯મી ડિસેમ્બરના દિવસો ૮૯ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે જયારે બીજા તબક્કામાં ૧૪મી ડિસેમ્બરના દિવસે ૯૩ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં બંને જગ્યાઓએ મતગણતરી એક જ દિવસે થશે.

### સેંકડો કાર્યકરો કમલમ્ કાર્યાલય ખાતે પહોંચ્યા

# આઈકે જાડેજાને ટિકિટ નહીં મળતા કાર્યકરોમાં ભારે રોષ

## વઢવાણ બેઠક ઉપરથી જાડેજાને ટિકિટ ફાળવવાને બદલે ધનજી પટેલને ટિકિટ ફાળવાતાં સ્થાનિક લોકોમાં આક્રોશ

અમદાવાદ,

ભાજપ દ્વારા ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇ તેના પ્રથમ તબક્કાની ઉમેદવારોની યાદી ગઇકાલે જાહેર કરાયા બાદ રાજયમાં કેટલાક સ્થળોએ બળવા અને વિરોધના સૂર ઉઠયા છે. જેમાં વઢવાણ બેઠક પરથી ભાજપના સિનિયર નેતા અને પ્રવકતાથી લઇ મંત્રીપદ સુધીની પક્ષમાં મહત્વની જવાબદારીઓ સંભાળનાર આઇ.કે.જાડેજાને ટિકિટ નહી અપાતાં તેમના હજારો સમર્થકો અને ભાજપના સ્થાનિક કાર્યકરોમાં ઉગ્ર આક્રોશની લાગણી ફેલાઇ ગઇ હતી. જેને પગલે આજે હળવદ, ધ્રાંગધ્રા, વઢવાણ સહિતના સ્થાનિક વિસ્તારોમાં ૫૦૦થી વધુ ભાજપના કાર્યકરો તેમના નેતા આઇ.કે.જાડેજાને ટિકિટ ફાળવવાની ઉગ્ર માંગણી સાથે ગાંધીનગર ભાજપ કાર્યાલય કમલમ્ ખાતે પહોંચ્યા હતા. જયાં તેમણે એક સૂરે આઇ.કે.જાડેજાને હવે ધ્રાંગધ્રા બેઠક પરથી ટિકિટ ફાળવવા માંગણી કરી હતી. ભાજપ દ્વારા ગઇકાલે ઉમેદવારોની જાહેર કરાયેલી પહેલી યાદીમાં વઢવાણ બેઠક પરથી વર્ષા દોશીની ટિકિટ કાપી તેમના સ્થાને ધનજીભાઇ પટેલને ટિકિટ ફાળવવામાં આવી હતી. જેને લઇને સ્થાનિક ભાજપના કાર્યકરો ખૂબ રોષે ભરાયા હતા. કારણ કે, આ બેઠક પરથી આઇ.કે.જાડેજાને ટિકિટ ફાળવાશે તેવું મનાતુ હતું પરંતુ તેઓની આશા ઠગારી નીવડતાં સેંકડો કાર્યકરોમાં આક્રોશની લાગણી ભભૂકી ઉઠી હતી. આજે હળવદ, ધ્રાંગધ્રા, વઢવાણ સહિતના ક્ષેત્રોના ભાજપના ૫૦૦થી વધુ કાર્યકરો અને આઇ.કે.જાડેજાના ચુસ્ત સમર્થકો-ટેકેદારો સહિતના સ્થાનિક નાગરિકો ગાંધીનગર કમલમ્ ખાતે પહોંચ્યા હતા અને આઇ.કે.જાડેજાને ટિકિટ ફાળવવાની માંગ સાથે સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા હતા. તમામ કાર્યકરોએ એક સૂરે જણાવ્યું હતું કે, જાડેજાએ ધારાસભ્ય તરીકે તેમના વિસ્તારોમાં વિકાસ અને સેવા કર્યા અને સ્થાનિક નાગરિકોના પ્રશ્નો હલ કર્યા છે. એટલું જ નહી, ભાજપનું સંગઠન મજબૂત બનાવવામાં જાડેજાનો સિંહફાળો રહ્યો છે ત્યારે તેમની આ પ્રકારે ઉપેક્ષાથી અમો કાર્યકરોમાં ભારોભાર નારાજગી છે. આ યાદીમાં વઢવાણ બેઠક પરથી આઇ,કે.જાડેજાનું નામ જાહેર થવું જોઇતું હતું પરંતુ ટિકિટ ધનજીભાઇ પટેલને ફાળવી દેવાઇ છે. તેથી હવે બીજી યાદીમાં જો ધ્રાંગધ્રા બેઠક પરથી આઇ.કે.જાડેજાને ટિકિટ ના ફાળવાય તો તેમનું પત્તુ કપાઇ જાય અને તે અમે કોઇ રીતે સાંખી શકીશું નહી. રોષે ભરાયેલા સેંકડો કાર્યકરોએ ભાજપના પ્રદેશ નેતાઓને મળીને આઇ.કે.જાડેજાને ટિકિટ ફાળવવા મુદ્દે રજૂઆત કરી હતી.

# મુખ્યમંત્રી રૂપાણી પણ વિજય મૂર્હુતમાં ઉમેદવારી પત્ર ભરશે

અમદાવાદ,

રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી રાજકોટ પશ્ચિમની બેઠક માટે તા.૨૦મી નવેમ્બરે વિજયી મૂર્હુતમાં પોતાનું ઉમેદવારીપત્ર ભરવા જવાના છે. આ પ્રસંગે કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી સહિતના ભાજપના નેતાઓ, આગેવાનો સહિતના મહાનુભાવો પણ તેમની સાથે ખાસ ઉપસ્થિત રહેશે. આ દિવસે સાંજે અરૂણ જેટલી અમદાવાદમાં કર્ણાવતી કલબના ગોલ્ડન ગ્લોરી હોલ ખાતે બુધ્ધિજીવીઓ સાથે ખાસ બેઠક યોજી સંવાદ કરશે. આ અંગે ભાજપના પ્રદેશ પ્રવકતા ડો. જગદીશ ભાવસારે જણાવ્યું હતું કે, ભાજપના રાષ્ટ્રીય નેતા, ગુજરાતના ચૂંટણી પ્રભારી અને કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી તા.૨૦મી નવેમ્બરે સોમવારના રોજ દિલ્હીથી રાજકોટ આવી રહ્યા છે, જયાં તેઓ રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી રાજકોટ પશ્ચિમની બેઠક માટે ઉમેદવારીપત્ર ભરવા જવાના છે ત્યારે તેમની સાથે ખાસ હાજર રહેશે. બપોરે અરૂણ જેટલી અમદાવાદ આવશે અને બપોરે ત્રણ વાગ્યે પ્રચાર પ્રસાર સમિતિ, સંકલ્પપત્ર સમિતિ સાથે બેઠક યોજશે અને તેમને માર્ગદર્શન આપશે.

# ભાજપે ૩૬ ઉમેદવારોની બીજી યાદી પણ જાહેર કરી

| ઉમેદવાર | સીટ |
|---|---|
| નીમાબેન આચાર્ય | ભૂજ |
| માલતીબેન મહેશ્વરી | ગાંધીધામ |
| માલજીભાઈ કોદવરી | દાંતા |
| કિર્તીસિંહ વાઘેલા | કાંકરેજ |
| ગજેન્દ્રસિંહ પરમાર | પ્રાંતિજ |
| પ્રદિપસિંહ જાડેજા | વટવા |
| બલરામ થાવાણી | નરોડા |
| ભૂષણ ભટ્ટ | જમાલપુર |
| ગજેન્દ્ર પરમાર | પ્રાંતિજ |
| હરી પટેલ | ધોરાજી |
| કુબેરસિંહ | સંતરામપુર |
| મયુર રાવલ | ખંભાત |
| જીતુ સોમાણ | વાંકાનેર |
| કેસરસિંહ સોલંકી | માતર |
| ગોપાલ વત્સપરા | લાઠી |
| બાબુ બોખરીયા | પોરબંદર |
| જગદીશ પંચાલ | નિકોલ |
| રમેશ કટારા | ફતેપુરા |
| મહેશ ભુરીયા | ઝાલોદ |
| અભેસિંહ તડવી | સંખેડા |
| શૈલેષ સોટા | ડભોઈ |
| પ્રવિણ ચૌધરી | માંડવી |
| અરવિંદ રાણા | સૂરત પુર્વ |
| નરેશ પટેલ | ગણદેવી |
| અરવિંદ પટેલ | ધરમપુર |
| રાઘવજી | ટંકારા |
| ગીતાબા (જયરાજસિંહ પત્ની) | ગોંડલ |
| હંસા બા | અંકલાવ |
| વિક્રમ ડીડોર | મોરવાહડફ |
| જીણાભાઈ દેવપરીય | ચોટીલા |
| મૂળજીભાઈ ધૈયાડા | કાલાવડ |
| લક્ષ્મણ ઓડેદરા | કુતિયાણા |
| નીતીન ફળદુ | માણાવદર |
| હરીભાઈ સોલંકી | ઉના |
| નરેશ પટેલ | ગણદેવી |
| માધુભાઈ | કપરાડા |

### મંદિરના દર્શનનો સમય પૂર્વવત્ કરવા ઉગ્ર માંગણી

# હવે કેમ્પ હનુમાનમાં દર્શનનો સમય ઘટાડાતાં શ્રદ્ધાળુ ખફા

## સેંકડો શ્રદ્ધાળુ ભકતોએ રેલી યોજી કમલમ્ પહોંચ્યા અને અમિત શાહને આવેદનપત્ર આપ્યુ : ટ્રસ્ટીગણને રજૂઆત

અમદાવાદ,

શહેરના શાહીબાગ વિસ્તારમાં પ્રાચીન અને સુપ્રસિધ્ધ કેમ્પ હનુમાનજી મંદિરમાં દર્શનનો સમય ઘટાડી દેવાના આર્મી કેન્ટોનમેન્ટના નિર્ણયને લઇ ભારે વિવાદ સર્જાયો છે. ખાસ કરીને શહેર સહિત રાજયભરના શ્રધ્ધાળુ નાગરિકોની ધાર્મિક લાગણી દુભાઇ છે અને લાખો શ્રધ્ધાળુ ભકતો અને દર્શનાર્થીઓમાં પુનઃ રાબેતા મુજબ કેમ્પ હનુમાનજી મંદિરનો દર્શનનો સમય અમલમાં લાવવા ઉગ્ર માંગણી ઉઠવા પામી છે. આ માંગણીને લઇ આજે સેંકડો શ્રધ્ધાળુ ભકતોએ ટુ વ્હીલર પર એક વિશાળ રેલી યોજી ગાંધીનગર કમલમ્ ખાતે પહોંચ્યા હતા અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને આ સમગ્ર મામલે દરમ્યાનગીરી કરવા અને મંદિરના દર્શનનો સમય પૂર્વવત્ કરવા રજૂઆત કરી ઉગ્ર માંગણી કરી હતી.શાહીબાગ આર્મી કેન્ટોનમેન્ટ ખાતે આવેલુ સુપ્રસિધ્ધ કેમ્પ હનુમાનજી મંદિર અગાઉ સવારે ૬-૦૦ વાગ્યાથી રાત્રિના ૧૦-૦૦ વાગ્યા સુધી ખુલ્લું રહેતું હતું અને ખાસ કરીને શનિવારે સવારે ૫-૩૦થી રાત્રે ૧૧-૦૦ વાગ્યા સુધી મંદિર ખુલ્લુ રહેતું હતું પરંતુ હવે આર્મી કેન્ટોનમેન્ટે સુરક્ષાના કારણોસર મંદિરનો દર્શનનો સમય ઘટાડી રાત્રે ૮-૪૫ સુધીનો કરી દીધો છે. જેના કારણે હવે લાખો શ્રધ્ધાળુ દર્શનાર્થીઓ રાત્રે ૧૦ વાગ્યા સુધી કેમ્પ હનુમાનજી દાદાના દર્શન નહી કરી શકે. આર્મી કેન્ટોનમેન્ટના આ નિર્ણયને લઇ ઘેરા પ્રત્યાઘાત પડયા છે. આજે સેંકડો શ્રધ્ધાળુ ભકતોએ ટુ વ્હીલર પર એક વિશાળ રેલી યોજી ગાંધીનગર કમલમ્ ખાતે પહોંચ્યા હતા અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને આ સમગ્ર મામલે દરમ્યાનગીરી કરવા અને મંદિરના દર્શનનો સમય પૂર્વવત્ કરવા રજૂઆત કરી ઉગ્ર માંગણી કરી હતી. શ્રધ્ધાળુ ભકતોએ જણાવ્યું હતું કે, કેમ્પ હનુમાનજી મંદિર અતિ પ્રાચીન અને પૌરાણિક હોઇ ભકતોમાં તે અનન્ય મહાત્મ્ય ધરાવે છે. લાખો શ્રધ્ધાળુ ભકતો અમદાવાદ, અમદાવાદની આસપાસના વિસ્તારોમાંથી અને રાજયના અન્ય શહેરો કે જિલ્લા-તાલુકા, ગામોમાંથી ખાસ દાદાના દર્શનાર્થે આવતા હોય છે. દર મંગળવારે અને શનિવારે તો દાદાના ખાસ ભકતો કેમ્પ હનુમાનજી મંદિરે દર્શન કરવા અચૂક આવતા હોય છે. તેઓ પોતાની નોકરી કે ધંધો-રોજગારના સ્થળોએથી છૂટીને પણ રાત્રે દાદાના દર્શન કરવાનો તેમનો નિત્યક્રમ જાળવતા હોય છે ત્યારે હવે મંદિરના દર્શનનો સમય ઓછો થઇ જતાં તે સમયમાં દર્શન કરવું હજારો શ્રધ્ધાળુ ભકતજનો અને દર્શનાર્થીઓ માટે વ્યવહારૂ દ્રષ્ટિકોણથી પણ શકય બને નહી તેમ છે અને તેથી જ શ્રધ્ધાળુ ભકતોમાં મંદિરનો સમય પાછો રાત્રે ૧૦ વાગ્યા સુધી કરી ત્યાં સુધી મંદિરના દર્શન ખુલ્લા રાખવા ઉગ્ર માંગણી ઉઠવા પામી છે. વારે-તહેવારે દૂરદૂરથી આવતાં લોકો મંદિરમાં ભકતોની ભીડ હોવાના કારણે મોડે મોડે પણ રાત સુધી નંબર આવી જાય એટલે દાદાના દર્શન પામતા હતા પરંતુ હવે આ તેમાં ભારે અડચણ ઉભી થતાં શ્રધ્ધાળુ ભકતોની લાગણી દુભાઇ છે અને તેથી આજે વિશાળ રેલી યોજી કેમ્પ હનુમાનજી મંદિરનો સમય પૂર્વવત્ કરવા માંગણી કરી હતી. બીજીબાજુ, આજે સંખ્યાબંધ શ્રધ્ધાળુ ભકતો કેમ્પ હનુમાનજી મંદિર ખાતે પણ પહોંચ્યા હતા અને દર્શનાર્થી ભકતોની સહીઓ સાથે ઉપરોકત માંગણી સાથે મંદિરના ટ્રસ્ટીમંડળને રજૂઆત કરી હતી.

### ટેનામેન્ટમાં કોલ સેન્ટર ચલાવતાં પાંચ પકડાયા

# રામોલ : મહાદેવનગરમાંથી વધુ એક કોલ સેન્ટર પકડાયુ

## અમેરિકાના નાગરિકોને લોન આપવાની લાલચમાં ફસાવી નાણાં ખંખેરતા હતા : કોલ સેન્ટર પકડાવાનો સિલસિલો

અમદાવાદ,

અમદાવાદ શહેર પોલીસ દ્વારા સમયાંતરે શહેરના વિવિધ વિસ્તારોમાં દરોડા અને રેડ પાડી ગેરકાયદે કોલ સેન્ટરનો પર્દાફાશ કરવામાં આવતો હોવાછતાં શહેરના રામોલના મહાદેવનગર વિસ્તારમાંથી આજે વધુ એક કોલ સેન્ટર ઝડપાયું હતું. મહાદેવનગર વિસ્તારમાં હરભોળાનાથ પાર્કના બંગલા નંબર-૭માં વિદેશી નાગરિકો સાથે ઠગાઇ કરવાનું ચાલતુ ગેરકાયદે કોલ સેન્ટરનો પોલીસે ઝડપી પાડયું હતું અને આ કોલ સેન્ટર ચલાવતાં પાંચ યુવકોની ધરપકડ કરી હતી. પોલીસે ઘટનાસ્થળેથી બે લેપટોપ, મેજિક બોક્સ, વિદેશી નાગરિકોને છેતરવા માટે તૈયાર કરેલી સ્ક્રીપ્ટ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગેની વિગત એવી છે કે, રામોલ પોલીસને ગેરકાયદે કોલ સેન્ટર અંગે મળેલી ચોકક્સ બાતમીના આધારે પોલીસો સ્ટાફના કાફલા સાથે ભારે ગુપ્તતાપૂર્વક મહાદેવનગર વિસ્તારમાં હરભોળાનાથ પાર્કના બંગલા નંબર-૭માં દરોડો પાડયો હતો અને બંગલામાં ચાલતું ગેરકાયદે કોલ સેન્ટર ઝડપી પાડી તેનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી આરોપી મયુર રાજુભાઇ પટેલ(રહે.ગ્રીષ્મા એપાર્ટમેન્ટ, નિકોલ), જય રમેશભાઇ પટેલ,સંજય ખેમાભાઇ પટેલ(હરભોળાનાથ પાર્ક સોસાયટી, મહાદેવનગર), પ્રકાશ અતુલભાઇ વાઘેલા(રહે.અમીકુંજ સોસાયટી, ઓઢવ) અને મોન્ટુ હિતેશભાઇ પટેલ(રહે.સુરભિપાર્ક, વસ્ત્રાલ રોડ)ની ધરપકડ કરી હતી. પાંચેય આરોપીઓની પૂછપરછમાં ગેરકાયદે કોલ સેન્ટરની મોડેસ ઓપરેન્ડીનો પર્દાફાશ થયો હતો કે, આરોપીઓ અમેરિકા સહિતના વિદેશમાં વસતા નાગરિકોને ફોન કરી ૧૦૦થી ૧૫૦ ડોલરનું આઇ ટ્યુન કાર્ડ ખરીદવાનું કહેતા હતા. આ કાર્ડની ખરીદી બાદ તે કાર્ડનો નંબર એજન્ટને આપતા હતા અને તે કાર્ડ સ્વાઇપ કરી રૂપિયા ખંખેરી લેતો હતો. પોલીસે અત્યારસુધીમાં આરોપીઓએ અમેરિકા સહિત વિદેશના કયા કયા દેશોના નાગરિકોને આ કૌભાંડમાં છેતર્યા, અત્યાર સુધી કેટલા લોકો સાથે છેતરપીંડી કરી અને છેતરપીંડી મારફતે કેટલી રકમની ઉચાપત કરી તે સહિતની બાબતોની તપાસ શરૂ કરી છે.

પોલીસે ઘટનાસ્થળેથી આરોપીઓના મોબાઇલ ફોન ઉપરાંત બે લેપટોપ, મેજિક બોક્સ, વિદેશી નાગરિકોને છેતરવા માટે તૈયાર કરેલી સ્ક્રીપ્ટ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ શહેરના વિવિધ વિસ્તારોમાં અત્યારસુધીમાં સંખ્યાબંધ ગેરકાયદે કોલસેન્ટરો પકડાયા છે તેમછતાં આરોપીઓ બેખોફ બની આવા કોલ સેન્ટરનો ધમધમાટ ચાલુ રાખે છે.

અનેક જગ્યાએ માઈનસમાં તાપમાન, પ્રવાસીઓ અટવાયા

# હિમાચલ, કાશ્મીર, ઉત્તરાખંડમાં ભારે હિમવર્ષા : તીવ્ર ઠંડીનુ મોજુ

## ભારે હિમવર્ષાના પરિણામે ચારેબાજુ બરફની ચાદર છવાઈ : શ્રીનગર-લેહ રાજમાર્ગને બંધ કરવાની ફરજ : દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં વરસાદ

મુંબઇ,

હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર અને ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં સતત હિમવર્ષા જારી રહી છે જેથી મોટા ભાગના વિસ્તારોમાં તાપમાન માઈનસમાં પહોંચી ગયુ છે. આ રાજયોમાં પ્રવાસમાં ગયેલા લોકો હવે તીવ્ર ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. હિમવર્ષા અને વરસાદના કારણે વાતાવરણની સ્થિતી પણ બદલાઈ રહી છે. પહાડી વિસ્તારોમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ભારે હિમવર્ષાના કારણે શ્રીનગર-લેહ અને ગુરેજ રાજમાર્ગને બંધ કરવાની ફરજ પડી છે. હિમાચલપ્રદેશમાં શુક્રવાર અને આજે શનિવારે પપણ હિમવર્ષા જારી રહી હતી. હિમાચલના રોહતાંગ પહાડી વિસ્તારોમાં ૨૫ સેન્ટીમીટરથી વધારે હિમવર્ષા થઈ છે. ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. જનજાતિય ક્ષેત્ર કેલાંગ, કિન્નોરના કલ્પા અને મંડીના પહાડી ક્ષેત્રમાં શિકારી દેવીમાં સિઝનની પ્રથમ હિમવર્ષા થઈ છે. શિમલામાં પણ વરસાદ પડ્યો છે. સતત ચાર દિવસથી હિમવર્ષા જારી રહેતા કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. દરમિયાન દિલ્હી અને એનસીઆરના વિસ્તારોમાં શુક્રવારે મોડી રાત્રે વરસાદ બાદ હવામાનમાં પલટાની સ્થિતી જોવા મળી રહી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ થયો છે. દિલ્હીમાં પણ તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. હવામાન વિભાગ તરફથી આગાહીમાં કહેવામાં આવ્યુ છે કે દિલ્હીમાં થયેલા વરસાદના કારણે રાજસ્થાન અને જમ્મુ કાશ્મીરમાં સર્જાયેલી સ્થિતી છે. હવામાન વિભાગના કહેવા મુજબ ચારેબાજુ ધુમ્મસની સ્થિતી જોવા મળી રહી છે. સવારમાં ધુમ્મસના કારણે અકસ્માતનો સિલસિલો પણ વધી રહ્યો છે. આગામી કેટલાક દિવસો સુધી વરસાદ પડવાની આગાહી પણ કરવામાં આવી છે. કિન્નોર અને લાહોલ જિલ્લામાં શુક્રવારે સવારમાં ભારે હિમવર્ષા થઈ હતી. આજે પણ આ સ્થિતી અકબંધ રહી હતી. જમ્મુ કાશ્મીર, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડમાં હાલમાં હિમવર્ષાને લઈને એકબાજુ મોટી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચેલા છે. બીજી બાજુ પ્રવાસીઓ ફસાઈ પણ ગયા છે. લાહોલ-સ્પીતિ જિલ્લાના પ્રવેશ દ્વાર કોકસરમાં ભારે વરસાદના કારણે ૬૦થી વધુ લોકો ફસાઈ ગયા છે. આ તમામ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. બીજા બાજુ પ્રવાસીઓ માટે હાલમાં કેટલીક સુચના જારી કરવામાં આવી રહી છે. પ્રવાસીઓ હાલમાં પ્રતિકુળ સંજોગોને કારણે હોમ સ્ટે અથવા તો અન્ય જગ્યાએ આશરો લઈ રહ્યા છે. દરમિયાન જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશના જુદા જુદા ભાગોમાં આગામી દિવસોમાં ઠંડીના પ્રમાણમાં તીવ્ર વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. લોકો પણ હવે સાવધાન થઈ ગયા છે. જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશમાં દર વર્ષે તાપમાન માઈનસમાં પહોંચી ગયા બાદ કેટલાક ખાસ પગલા લેવામાં આવે છે. માઈનસ ૧૫થી પણ ઉપર તાપમાન પહોંચી શકે છે. હવામાનની સ્થિતી બદલાઈ ગયા બાદ દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં રહેતા લોકો હવે ગરમ વસ્ત્રોમાં નજરે પડી રહ્યા છે. સમગ્ર જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશ તેમજ ઉત્તરાખંડ હાલમાં કાતિલ ઠંડીના સકંજામાં છે. કેટલીક જગ્યાએ સ્કુલોને બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ભારતીય સેનાને વધુ એક મોટી સફળતા હાથ લાગી

# જમ્મુ કાશ્મીર : પાંચ ખુંખાર આતંકવાદીઓને ઠાર કરાયા

## ઠાર કરી દેવાયેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં મોતનો મસાલો કબજે : કાશ્મીર ખીણમાં તંગ પરિસ્થિતી

શ્રીનગર,

જમ્મુ કાશ્મીરમાં બાંદીપોરાના હાજીન ક્ષેત્રમાં આજે સેના અને સુરક્ષા દળોને સંયુક્ત ઓપરેશનમાં વધુ મોટી સફળતા હાથ લાગી હતી. ચોક્કસ બાતમી મળ્યા બાદ સેના અને સુરક્ષા દળોએ હાથ ધરેલા સર્ચ ઓપરેશન દરમિયાન ભીષણ અથડામણ થઈ હતી. આ અથડામણમાં સેનાએ પાંચ ખુંખાર ત્રાસવાદીઓને ઠાર કરી દીધા હતા. ઠાર કરી દેવામાં આવેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો હતો. આ વિસ્તારમાં અન્ય ત્રાસવાદીઓ પણ ગુપ્ત સ્થળે હાલમાં છુપાયેલા હોવાના હેવાલ મળ્યા છે. જો કે સેના તેમની સામે પણ કાર્યવાહી કરવા માટે તૈયાર છે. ભીષણ અથડામણમાં ભારતીય વાયુ સેનાના ગરુડ કમાન્ડો શહીદ થયો હતો. અન્ય બે જવાન ઘાયલ પણ થયા હતા. મળેલી માહિતી મુજબ ત્રાસવાદીઓ છુપાયેલા હોવાની માહિતી હાથ લાગી હતી. ત્યારબાદ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. હાજીન વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યુ હતુ ત્યારે છુપાયેલા ત્રાસવાદીઓએ સેના પર ગોળીબાર કર્યો હતો. જવાબી કાર્યવાહી કરવામાં આવ્યા બાદ પાંચ ત્રાસવાદીઓ ઠાર થયા હતા. ઓપરેશનમાં રાષ્ટ્રીય રાઈફલના જવાનો જોડાયા હતા. રાષ્ટ્રીય રાઈફલની ૧૩મી બટાલિયન, જમ્મુ કાશ્મીર પોલીસ અનો સીઆરપીએફના જવાનો સામેલ થયા હતા. અત્રે નોંધનીય છે કે શ્રીનગરના બહારી વિસ્તારોમાં જાકુરા હજાતબલમાં શુક્રવારે સુરક્ષા દળોએ એક ત્રાસવાદીને ઠાર કર્યો હતો. તેને ઠાર કરી દેવામાં આવ્યા બાદ કાશ્મીર ખીણમાં તંગ સ્થિતી સર્જાઈ ગઈ હતી. ખીણમાં આજે પણ વિસ્ફોટક સ્થિતી રહી હતી. તંગદીલીના કારણે સાત પોલીસ સ્ટેશન વિસ્તારોમાં સંચારબંધી જેવા નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા છે. બીજા તરફ કાશ્મીર ખીણમાં તંગદીલીપૂર્ણ સ્થિતીને ધ્યાનમાં લઈને શ્રીનગરના મોટા ભાગના વિસ્તારોમાં સ્કુલ કોલેજને બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કાશ્મીર યુનિવર્સિટીમાં શૈક્ષણિક કાર્યનો કામચલાઉ ધોરણે મોકુફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ખીણમાં વિસ્ફોટક સ્થિતીને ધ્યાનમાં લઈને સંવેદનસીલ વિસ્તારોમાં જમ્મુ કાશ્મીર પોલીસ અને સીઆરપીએફના જવાનો ગોઠવી દેવામાં આવ્યા છે. કાશ્મીરમાં સેના હાલમાં ઓપરેશન ઓલઆઉટ ચલાવી રહી છે. જેમાં મોટી સફળતા મળી ચુકી છે. આજે ઠાર થયેલામાં કેટલાક મોટા ત્રાસવાદીઓનો સમાવેશ થાય છે.કાશ્મીરમાં સ્થિતીનો સામાન્ય બનાવવા માટે હાલમાં મોટા પાયે કાર્યવાહી ચાલી રહી છે. ઓપરેશન ઓલઆઉટના ભાગરૂપે સેના અને સુરક્ષા દળોએ યાદી બનાવીનો ત્રાસવાદીઓ સામે કાર્યવાહી શરૂ કરી છે. અનેક મોટા ત્રાસવાદીઓ ફુંકાઈ ચુક્યા છે. તોઈબા અને અન્ય સંગઠનોની કમર તુટી રહી છે.

ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૪થી પણ વધુ નોંધાઈ

# અરૂણાચલ : ભારત-ચીન સરહદ ઉપર પ્રચંડ ભૂકંપથી અફડાતફડી

## આસામ , નાગાલેન્ડ,રાજસ્થાન અને ત્રિપુરાના અનેક ભાગોમાં લોકોને પ્રચંડ આંચકાનો અનુભવ : તિબ્બેતમાં વધુ અસર : વહેલી પરોઢે ભૂકંપથી દહેશત

નવી દિલ્હી,

અરૂણાચલ પ્રદેશમાં ભારત-ચીન સરહદ પર આજે વહેલી પરોઢે ભૂકંપનો પ્રચંડ આંચકો આવ્યો હતો. જેના કારણે લોકો વ્યાપક દહેશતમાં મુકાઈ ગયા હતા. વહેલી પરોઢે ૪.૦૪ વાગે આવેલા આ શક્તિશાળી ભૂકંપના કારણે હાલમાં જાનમાલના નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી પરંતુ દેશના ઉત્તરપૂર્વીય રાજ્યો હચમચી ઉઠ્યા હતા. આસામ, નાગાલેન્ડ અને ત્રિપુરા જેવા ભારતીય રાજ્યોમાં પ્રચંડ આંચકાનો અનુભવ થયો હતો. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૪થી પણ વધુ આંકવામાં આવી છે. ભૂકંપના કારણે કોઈ જગ્યાએ નુકસાન થયુ છે કે કેમ તેની ખાતરી કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ભૂકંપનુ કેન્દ્ર ભારત-ચીન સરહદ પર હોવાના કારણે અનેક રાજ્યો હચમચી ઉઠ્યા હતા. સુરક્ષાની દ્રષ્ટિએ પણ તપાસ કરવામાં આવી રહી છે. ભારતીય હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે આંચકો સવારે ૪.૦૪ વાગ્યાની આસપાસ આવ્યો હતો. ભૂકંપનુ કેન્દ્ર જમીનની અંદર ૧૦ કિલોમીટર ઉંડાણમાં હોવાના કારણે નુકસાન ટળી ગયુ છે. આ વર્ષની શરૂઆતમાં પણ આ વિસ્તારમાં ભૂકંપનો આંચકો આવ્યો હતો. ચોથી જાન્યુઆરીના દિવસે આવેલા અગાઉના આંચકાનુ કેન્દ્ર અરૂણાચલપ્રદેશના કુરંગ કુમેય જિલ્લામાં હતુ. આજે સવારે લોકોમાં આંચકાને લઈને ચર્ચા રહી હતી. આંચકાની અસર કેટલાક સેકન્ડ સુધી રહી હતી. દક્ષિણ પૂર્વ તિબેટમાં અનેક વિસ્તારો હચમચી ઉઠયા હતા. ઉત્તરપૂર્વીય રાજ્યો અને તિબેટમાં નુકસાનના સમાચાર મળ્યા નથી. ભારત-ચીન સરહદી વિસ્તારોમાં આ આંચકો સૌથી વધારે અનુભવાયો હતો. અમેરિકાના ભૂકંપ સંબંધિત વિભાગે કહ્યુ છે કે તીવ્રતા ૬.૩ હતી. ઈટાનગરમાં પણ લોકોમાં દહેશત જોવા મળી હતી. બીજી બાજુ આસામના ઢિબરુગઢ, ઉત્તરીય લખીમપુર, જોરહાટ, તેજપુર, ગુવાહાટી અને અન્ય વિસ્તારો હચમચી ઉઠ્યા હતા. નાગાલેન્ડમાં કોહીમામાં પણ આંચકો અનુભવાયો હતો.બીજા બાજુ રાજસ્થાનમાં પણ આંચકાની અસર રહી હતી. જોધપુર, નાગૌર, અજમેર, અને પાલીમાં લોકોએ આંચકાનો અનુભવ કર્યો હતો. જોધપુર જિલ્લામાં આશરે પાંચથી સાત સેકન્ડ સુધી આની અસર રહી હતી. અજમેર જિલ્લાના બ્યાવર, ખરવા, જેઠાનામાં પણ લોકોમાં દહેશત જોવા મળી હતી. તિબેટના વિવિધ ભાગોમાં નુકસાન થયુ હોવાના પણ હેવાલ મળ્યા છે. વહેલી પરોઢે પ્રચંડ આંચકો આવ્યા બાદ આફટરશોકસના આંચકા અનુભવાયા હતા. તિબેટ સ્વાયત પ્રદેશમાં સૌથી વધુ અસર ભૂકંપની જોવા મળી હતી. પ્રથમ આંચકો જમીનથી ૧૦ કિલોમીટર નીચે અનુભવાયા બાદ બીજા આંચકાનુ કેન્દ્ર જમીનથી છ કિલોમીટર અંદર હતુ. ભારતના જુદા જુદા ભાગોમાં પણ હાલના વર્ષોમા આંચકા આવતા રહ્યા છે. પડોશી દેશોમાં જયારે પણ ધરતીકંપ આવે છે ત્યારે તેની અસર પણ જોવા મળે છે. ખાસ કરીને પાકિસ્તાન અને નેપાળમાં જયારે પણ પ્રચંડ આંચકો આવે છે ત્યારે તેની અસર ભારતમાં જુદા જુદા રાજયોમાં જોવા મળે છે. ભારતમાં હાલના વર્ષોમાં કેટલાક શક્તિશાળી આંચકા આવ્યા બાદ ભૂકંપ સંબંધિત નિષ્ણાંતો અભ્યાસમાં પણ લાગેલા છે. ધરતીકંપ મામલે કેટલીક સંસ્થાઓ પણ અભ્યાસ કરવામાં વ્યસ્ત છે.

ફિલ્મને લઈ રાજપૂતો આંદોલન વધુ ઉગ્ર બનાવશે

# ત્રીજી ડિસેમ્બરે અમદાવાદમાં રાજપૂત સમાજનું મહાસંમેલન

## ગુજરાત સહિત દેશમાંથી રાજપૂતો મહાસમંલેનમાં ભાગ લેવા આવે તેવી વકી : ૨૫- ૩૦ નવેમ્બર સુધી આંદોલન

અમદાવાદ,

પદ્માવતી ફિલ્મને લઈ રાજપૂત સમાજમાં ઉગ્ર આક્રોશ વધતો જાય છે, જેમ જેમ ફિલ્મની રિલીઝની ડેટ નજીક આવતી જાય છે તેમ તેમ રાજપૂત સમાજમાં આંદોલન ઉગ્ર બનતું જાય છે. ગુજરાત સહિત દેશભરમાં સંજય લીલા ભણશાલીની પદ્માવતી ફિલ્મ સામે વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યા છે. આજે ગૌરવ સ્વાભિમાન સભા દ્વારા રાજપૂત સમાજના અગ્રણી શેરસિંહ રાણાએ તા.૩જી ડિસેમ્બરે અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે રાજપૂત સમાજના મહાસંમેલનની જાહેરાત કરી હતી. પદ્માવતી ફિલ્મને લઈ યોજાનારા આ મહાસંમેલનમાં ગુજરાત સહિત દેશભરમાંથી રાજપૂત સમાજના લોકો ખૂબ મોટી સંખ્યામાં ઉમટશે એવી આશા તેમણે વ્યકત કરી હતી. રાજપૂત સમાજના આગેવાના શેરસિંહ રાણાએ ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, સંજય લીલી ભણશાલીને ફિલ્મના વિરોધને લઈ બધી ખબર જ હતી કારણ કે, વિરોધ છેલ્લા એક વર્ષ ઉપરાંતથી શરૂ થયો હતો. તો તેમણે અત્યારે દસ દિવસ પહેલાં જ કેમ ફિલ્મમાં કશું વાંધાજનક નથી તેવી સ્પષ્ટતા કરી. એક વર્ષ સુધી આ સ્પષ્ટતા કેમ ના કરી કે જે તે કરી શકયા હોત. વાસ્તવમાં સંજય લીલા ભણશાલીનો પોતાની પદ્માવતી ફિલ્મની પબ્લીસીટી માટેનો આ આયોજનપૂર્વકનો સ્ટંટ છે. પબ્લીસીટી મેળવવાના માત્ર આશયથી તેમણે જાણીબુઝીને આ કોન્ટ્રાવર્સી ઉભી કરી છે અને આમ કરી તેઓ પોતાની ફિલ્મને સુપરહીટ બનાવી કરોડો રૂપિયા કમાવી લેવા માંગે છે પરંતુ રાજપૂત સમાજ તેમની આ મેલી મુરાદ બર નહી આવવા દે. માતા પદ્માવતી કે જેમણે હિન્દુ સંસ્કૃતિ અને રાજપૂત સમાજના ગૌરવ અને સન્માન માટે ૧૬ હજાર મહિલાઓ સાથે ચિતોડગઢમાં ઈ.સ.૧૩૦૩માં જોહર(અગ્નિસ્નાન) કર્યું હતું એ મહાસતી પદ્માવતી અને અલાઉદ્દીન ખિલજી વિશે ઈતિહાસને તોડી મરોડી ભણશાલીએ ફિલ્માંકન કર્યું છે અને તેથી રાજપૂત સમાજ કોઈપણ સંજોગોમાં ફિલ્મને રિલીઝ નહી થવા દે. તેમણે વધુમાં ઉમેર્યું કે, પદ્માવતી ફિલ્મના વિરોધમાં ગૌરવ સ્વાભિમાન સભા દ્વારા તા.૨૫મી નવેમ્બરે સુરત, તા.૨૬મીએ ધાનેરા, તા.૨૭મીએ આણંદ, તા.૨૮મીએ કાંકરેજ, તા.૨૯મીએ રાજકોટ અને તા.૩૦મીએ ભુજ ખાતે આંદોલન કાર્યક્રમો યોજાશે અને છેલ્લે તા.૩જી ડિસેમ્બરે અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે વિશાળ મહાસંમેલન યોજાશે.

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

**ગાંધીનગર મુખ્ય કાર્યાલય**

બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ, સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

**એડીટોરીયલ ચીફ : બકુલ એ. રાવલ**

**અમદાવાદ મુખ્ય કાર્યાલય**

૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : **નિલેશભાઈ રાવલ**

૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી

# કાશ્મીરમાં આઈએસની પ્રથમ ટુકડી તૈયાર : હેવાલમાં ધડાકો

નવી દિલ્હી,

દુનિયાભરમાં માનવતા માટે ખતરારૂપ બની ગયેલા ખતરનાક ત્રાસવાદી સંગઠન આઈએસે હવે ભારતમાં પણ નેટવર્ક જમાવ્યુ હોવાના હેવાલ મળ્યા છે. કાશ્મીરમાં આ ત્રાસવાદી સંગઠને પોતાની પ્રથમ ટુકડી તૈયાર કરી લીધી હોવાના હેવાલ મળ્યા છે. આ ગુપ્ત હેવાલ મળ્યા બાદ સુરક્ષા વ્યવસ્થા સહિત સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. એક ટ્વિટર હેન્ડલમાં જારી કરવામાં આવેલા વિડિયોથી આ અંગેની ચોંકાવવનારી વિગત સપાટી પર આવી છે. સુરક્ષા સંસ્થાઓએ આ અંગેની માહિતી સપાટી પર આવ્યા બાદ આ ટ્વિટર હેન્ડલને સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો છે. ૨૩મી ઓક્ટોબરના દિવસે એક ટ્વિટ કરીને કેટલીક વિગત આપવામા ંઆવી હતી. આ ટ્વિટર હેન્ડલ જૈક મુસા સાથે સંબંધિત હોવાની વિગત સપાટી પર આવી છે. જૈક મુસાએ પોના પેજદ પર આઈએસના પોસ્ટર, બેનર લગાવીને પહેલાથી જ ગ્રુપની જાહેરાત કરી હતી. જેક મુસાએ બાયા ફ્રોમ કાશ્મીર નામથી એક વિડિયો પોસ્ટ કરીને ચર્ચા જગાવી હતી. આ વિડિયોમાં ઈસ્લામિક સ્ટેટની વિચારધારાને કાશ્મીરમાં લાગુ કરવા માટેની વાત કરવામાં આવી છે. સ્સંરક્ષણ સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે સુરક્ષા સંસ્થાઓને ટ્વિટર હેન્ડલ હાથ લાગ્યા બાદ તેમા તપાસ કરવામાં આવી હતી. જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે કાશ્મીરમાં આઈએસની પ્રથમ ટુકડી તૈયાર કરી લેવામાં આવી છે. જમ્મુ કાશ્મીરના અનેક યુવાનો અને ત્યાં ફેલાયેલા ત્રાસવાદીઓનુ તેમને પૂર્ણ સમર્થન મળી રહ્યુ હોવાની વાત પણ આમાં કરવામાં આવી હતી.

# રામોલ અને નારોલ પોલીસ મથકમાં બોમ્બની અફવાઓ

અમદાવાદ,

રામોલ અને નારોલ પોલીસમથકમાં બોંબ મૂકાયા હોવાના નનામા ફોનને પગલે આજે શહેર પોલીસ તંત્ર દોડતું થઈ ગયું હતું. પોલીસે ડોગ સ્કવોડ, બોંબ સ્કવોડ સહિતની ટીમોની મદદથી ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી, જેમાં તપાસના અંતે કંઈ વાંધાજનક ચીજવસ્તુ નહી મળતાં બોંબ મૂકાયાની વાત આખરે અફવા સાબિત થઈ હતી. પોલીસે નનામો ફોન કરી પોલીસને દોડતી કરનાર શખ્સની શોધખોળ હાથ ધરી છે. આ અંગેની વિગત એવી છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે શહેર સહિત રાજયભરમાં પોલીસ સહિતની સુરક્ષા એજન્સીઓને પહેલેથી એલર્ટ કરી દેવાયેલી છે ત્યારે તેવા સમયે ચૂંટણીના માહોલમાં આજે વહેલી સવારે શહેર પોલીસ કંટ્રોલ રૂમમાં કોઈ અજાણ્યા શખ્સે નનામો ફોન કરી રામોલ અને નારોલ પોલીસમથકમાં બોંબ મૂકાયા હોવાની માહિતી આપી હતી, જેને પગલે તરત જ શહેર પોલીસતંત્રને એલર્ટ કરી દેવાયું હતું. પોલીસની જુદી જુદી ટીમો ડોગ સ્કવોડ અને બોંબ સ્કવોડ સાથે રામોલ અને નારોલ પોલીસ મથકમાં પહોંચી હતી અને ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. પોલીસ સ્ટેશનમાં તેમ જ તેની ફરતે તમામ સ્થળો અને ખૂણેખૂણા ચેક કરી તપાસ હાથ ધરાઈ હતી પરંતુ કશુંય વાંધાજનક મળ્યું ન હતું. જેથી બોંબ મૂકાયાની સમગ્ર વાત અફવા સાબિત થતાં પોલીસતંત્ર સહિત વટીવટીતંત્રએ પણ રાહતનો દમ લીધો હતો. જો કે, પોલીસે આ સમગ્ર મામલાની ગંભીરતા ધ્યાને લઈ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરી પોલીસને દોડતી કરી મૂકનાર શખ્સ કોણ હતો તેની શોધખોળ આદરી છે.